SURVIVORS Against TB

## મીડિયા ફેલોશિપ

### પૂર્વભૂમિકા

સર્વાઈવર્સ અગેઈન્સ્ટ ટીબી (એસએટીબી) એ સમુદાય આધારિત ચળવળ છે, જેનું નેતૃત્વ ટીબીમાંથી સાજા થઈ ચૂકેલા લોકોનું એક જૂથ કરી રહ્યું છે, જેઓ ટીબી વિરુદ્ધના ભારતના જંગને દૃઢ બનાવવાની દિશામાં કામ કરી રહ્યા છે. આ અનુજીવીઓ ટીબીના અત્યંત ગંભીર પ્રકારમાંથી સાજા થવાના અનુભવને જીવ્યા છે તથા તેને જાણે છે અને વ્યક્તિ જે સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક પરિસ્થિતિઓ વચ્ચે ટીબીનો સામનો કરે છે તેનાથી પણ તેઓ વાકેફ છે. આ અનુભવોના આધારે ભારતમાં આ મોરચે મહત્ત્વના હોય એવા તમામ સંબંધિત લોકો સાથે મળીને ટીબીને લગતી સંભાળ વધુ સુગમ તથા દરદી કેન્દ્રિત બનાવવા માટે જરૂરી એવા ફેરફારોનું સમર્થન-હિમાયત તેઓ કરે છે. એસએટીબીનું માનવું છે કે, જો ભારત ટીબી વિરુદ્ધ વ્યાપકપણે લડવા માગતું હોય, તો એના માટેની શરૂઆત અનુજીવીઓને સાંભળવાથી કરવાની જરૂર છે તથા દરદીઓને સૌથી વધુ અસર કરતા ધોરણો ઘડવા માટે તેમનો સહકાર લેવો આવશ્યક છે.

### વિષય:

### ટીબી સંબંધિત કલંક: કારણો, ઉકેલો અને તેમાંથી ઉગરવાની વાર્તાઓ

ટીબી અનુજીવીઓ સાથે કામ કરવાના અમારા અનુભવમાં અમે જોયું છે કે, કલંક ટીબી સાથે બહુ જ ઊંડાણપૂર્વક જોડાયેલું હોય છે. ટીબી સાથે સંકળાયેલા લોકો દરદીઓને પ્રથમ મૂકતી દરદી-કેન્દ્રિત સારસંભાળની માગણી કરતા હોય છે, પણ ઘણીવાર એવું થતું હોય છે કે, ટીબી સાથેનું કલંક દરદીને સારસંભાળ મેળવવા તથા અસરકારક રીતે તેમાંથી સાજા થવાના માર્ગમાં અવરોધ બનતું હોય છે.

મોટાભાગે ટીબી સાથે જોડાયેલા કલંકને સ્વાસ્થ્યપ્રાપ્તિ માટેના વર્તનના માર્ગમાં આવતો બળવાન અંતરાય ગણવામાં આવે છે. સામાજિક દરજ્જો ખોઈ બેસવાનો ભય, લગ્નજીવનમાં સમસ્યાઓ તથા સમાજના લોકો દ્વારા દુઃખદાયક વર્તન જેવી બાબતોને એવા કેટલાક ઉદાહરણો છે જેના કારણે ટીબીથી અસરગ્રસ્ત વ્યક્તિ મદદ માગતા ખચકાય છે. સારવારને વળગી રહેવામાં તથા દરદી પ્રત્યે તેના જ પરિવારના સભ્યો દ્વારા થતા વર્તન પર પણ કલંકની અસર જોવા મળે છે. આને પગલે દરદીના માનસિક સ્વાસ્થ્ય અને સુખાકારી પર પણ પ્રભાવ પડે છે.

સામાજિક તથા સંસ્થાકીય અજ્ઞાન-અજાણપણાને કારણે તથા અનિચ્છનીય બીમારીઓ વિશેના ભૂલભરેલા ધોરણોને કારણે કલંક ઉદભવે છે. ટીબીને લગતા કલંકનું સૌથી સામાન્ય કારણ છે ચેપ લાગવાના સંભવિત જોખમનો ધારી લીધેલો ભય. એચઆઈવી, ગરીબી, સામાજિક વર્ગ, અથવા કુપોષણ જેવી બાબતો સાથે સંકળાવાને કારણે પણ ટીબી કલંકિત બન્યું છે. સામાન્ય રીતે, આમ છતાં, ટીબીનો કલંક માનસિક આઘાત, ભેદભાવ, નિદાનમાં થતો વિલંબ તથા સારવારને પૂરી ન કરવા જેવી બાબકતો તરફ દોરી જતો હોય છે.

## *ફેલોશિપ*

વિશ્વમાં ટીબીનો સૌથી વધુ બોજો ભારત ધરાવે છે અને જ્યાં દર મિનિટે એક ભારતીય ટીબીને કારણે મૃત્યુ પામે છે, એવા દેશમાં આપણે ટીબીના અસરગ્રસ્તો તરફ ભેદભાવ શા માટે રાખીએ છીએ? હવા પ્રસારણથી ફેલાતી બીમારીનો ચેપ તેમને લાગ્યો હોય એમાં તેમનો શો વાંક? ટીબીના અસરગ્રસ્તોની યાતના ઓછી થાય એ બાબતની તકેદારી લેવા માટે આપણાથી શું થઈ શકે છે?

ભારતમાંના આ મુદ્દાઓ પર વિસ્તૃતપણે તથા ટીકાત્મક દૃષ્ટિએ શોધ-તપાસ-સંશોધન હાથ ધરવામાં આવે તથા સમુદાયમાં અને સ્વાસ્થ્ય સંભાળ માળખામાં ટીબી અરસગ્રસ્ત વ્યક્તિઓના તથા તેમના પરિવારોના જીવનો પર કલંકથી કેવી અસર પડે છે એ વિશેની વાર્તાઓ બહાર લાવવામાં આવે એવી આપેક્ષા ફેલો (અધ્યેતા) પાસેથી રાખવામાં આવે છે.

આ વિષયને અધારેખિત કરે એવી વ્યાપક, યોગ્ય રીતે અહેવાલબદ્ધ થયેલી તથા વિસ્તૃત વાર્તાઓની અમને આશા છે. અમને એવી વાર્તાઓમાં રસ છે જે સ્થાનિક મુદ્દાઓને અધોરેખિત કરતી હોય. કલંકને લગતા પડકારોના ઉકેલોને સામે લાવતી તથા આ પડકારોનો સામનો કરી તેને પરાસ્ત કરનારાઓ તથા સાજા થનારાઓની વાર્તાઓમાં પણ અમને રસ છે.

આ ફેલોશિપ અંગ્રેજી, હિન્દી, ગુજરાતી અને મરાઠી ભાષાના ત્રણ પ્રિન્ટ અથવા ઑનલાઈનના પત્રકારો/ફ્રીલાન્સરો/ સ્વતંત્ર કોલમ લેખકો માટે ખૂલ્લી છે. દરેક અધ્યેતા પાસેથી 3 (ઓછામાં ઓછા) અને 4 (વધુમાં વધુ) લેખોની અપેક્ષા રખાય છે.

## *સમયગાળો અને ભંડોળ*

ફેલોશિપનો સમયગાળો **છ અઠવાડિયાનો** રહેશે અને પસંદ કરવામાં આવેલા દરેક અધ્યેતાને **રુપિયા 50,000નું** ભંડોળ મળશે. આ સ્ટાઈપેન્ડ સંશોધન, પ્રવાસ, લેખન, પ્રોડક્શન તથા અન્ય ખર્ચને ટેકો આપશે. આ ફેલોશિપ ભંડોળ બે હપ્તામાં વિતરિત કરવામાં આવશે. દરેક અધ્યેતા પાસેથી **ત્રણ-ત્રણ વાર્તાઓ લખવાની તથા તેને પ્રકાશિત કરવાની** અપેક્ષા રખાય છે.

## *અરજીની જરૂરિયાતો*

ફેલોશિપ માટે અરજી કરવા માટે કૃપા કરી આ દસ્તાવેજો હોવા જોઈએઃ

- સાથ-પત્ર (કવર લેટર), સીવી (એફોર સાઈઝના ત્રણ પાનામાં આનો સમાવેશ થવો જરૂરી)
- અગાઉ છપાયેલા તમારા લેખો-અહેવાલોના બે નમૂના. આ લેખન જો ક્ષેત્રીય ભાષામાં હોય તો કૃપા કરી તેનો અંગ્રેજી અનુવાદ પણ સાથે બીડવો.
- તમારા વર્તમાન માલિક/તંત્રી તરફથી ‘લેટર ઑફ સપૉર્ટ’, જેમાં અધ્યેતા સમય/ છ અઠવાડિયાની રજા આપવાની ખાતરી અને અધ્યેતા દ્વારા લખવામાં આવેલા લેખોને પોતાના પ્રકાશનમાં પ્રસિદ્ધ કરવાની સંમતિ હોવી જોઈએ. ફ્રીલાન્સરોએ પણ તેમના લેખોનો ઉપયોગ કરવા માટેની સંમતિ આપતો પ્રકાશનના તંત્રીનો સપૉર્ટિંગ લેટર આપવાનો રહેશે.
- કૃપા કરી નીચેના પ્રશ્નોના જવાબ આપોઃ
    - તમને એસએટીબીની ફેલોશિપ શા માટે જોઈએ છે અને તમારી કારકિર્દીના માર્ગને તેનાથી કઈ રીતે ફાયદો થતો હોવાનું તમે જુઓ છો?

  - તમારા ફૅલોશિપના ગાળા દરમિયાન, તમને આપવામાં આવેલા વિષય પર તમે ધ્યાન કેન્દ્રિત કરો એવું અમે ઈચ્છીએ છીએ. તમને કયા મુદ્દા પર સંશોધન કરવાનું ગમશે અને કેમ?
- તમામ અરજીઓ ઈમેઈલ દ્વારા survivorsagainsttb@gmail.com પર **30મી જાન્યુઆરી, 2018** સુધીમાં મોકલી શકાય છે. કોઈપણ પ્રશ્નો તથા સ્પષ્ટતાઓ માટે, સંપર્ક કરો, **કૃતિકા કામથન**, મેનેજર એડવોકસી અને કૉમ્યુનિકેશન, એસએટીબી: **+91 8130666037**

*નોંધ*

- અધ્યેતાને દિલ્હીમાં ઑરિએન્ટેશન પ્રોગ્રામમાં હાજરી આપવાની જરૂર પડી શકે છે.
- તમામ કૉપીરાઈટ પ્રકાશનોને સ્વાધીન રહેશે, જો કે તમામ લેખોને સંબંધિત વેબસાઈટ્સ તથા બ્લૉગ્સ પર પ્રકાશિત કરવાના હક્કો એસએટીબી પોતાની પાસે રાખે છે.
- લઘુત્તમ ધોરણો સુધી ન પહોંચતી અરજીને ફૅલોશિપ ન આપવાનો હક્ક પણ એસએટીબી પોતાને સ્વાધીન રાખે છે.
- એસએટીબી દ્વારા લેવામાં આવેલા તમામ નિર્ણય અંતિમ રહેશે.
- તમામ અરજીઓનું મૂલ્યાંકન એસએટીબી તથા બહારની જ્યૂરી દ્વારા કરવામાં આવશે.
- પસંદગી પામેલા ઉમેદવારોની જાહેરાત **5મી ફેબ્રુઆરી, 2018**ના કરવામાં આવશે. ફૅલોશિપ. **15મી માર્ચ, 2018** પૂરી થશે.